Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# કોરોના મહામારીના સંદર્ભમાં 'દીપદીક્ષા'નું માનવ ઘડતરના સંદર્ભમાં મૂલ્યાંકન

**Sachade Komal N.**

Ph.D. Scholar

Department of Education

K. S. K. V. Kachchh University

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સારાંશ:**

*હાલના સમયમાં આખું વિશ્વ કોરોના વાયરસની મહામારી સામે ઝઝૂમી રહ્યું છે ત્યારે લોકોની સુરક્ષા માટેના સર્વત્ર સતત પ્રયાસો થઈ રહ્યા છે, તો આ સાથે આ મહામારીના સમયમાં માનવ ઘડતર અને વિદ્યાર્થી ઘડતર એ શિક્ષણ સામે મોટો પડકાર છે. અત્યારના સંજોગોમાં ઓનલાઈન શિક્ષણ વેગવંતુ બની ગયું છે ત્યારે હાલના તબક્કે જરૂર છે એક એવા શૈક્ષણિક માળખાની કે જેના પગલે ચાલીને આ મહામારીના સમયમાં પણ વિદ્યાર્થી ઘડતર કરીને શિક્ષણને ધબકતું કરવાની. કોરોનાની વિકટ પરિસ્થિતિમાં જો શિક્ષણના નિષ્ણાતોના અનુભવોના નિચોડનું ભાથું લઈને માનવ ઘડતરના હેતુથી વિદ્યાર્થી ઘડતરની પ્રક્રિયા માટેના સૂઝાવોને અનુસરવામાં આવે તો ચોક્કસ શિક્ષણક્ષેત્રને પણ દિશાસૂચન મળી શકે તેમ છે.*

*જેમના જીવનનું આચરણ કરવું એ જ શિક્ષણ મેળવ્યા સમાન છે એવા શિક્ષણના પર્યાય અને કચ્છ જિલ્લાના કેળવણીકાર શ્રી રમેશભાઈ દવે ખરા અર્થમાં બાળકોના જીવનના ઘડવૈયા બનીને શિક્ષણક્ષેત્રે ખૂબ જ નામના અને સફળતા હાંસલ કરી છે. શિક્ષણક્ષેત્રે અનેક સહળ પ્રયોગો કરીને પોતાની શાળાને રાજ્ય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના અપાવનાર શ્રી રમેશભાઈ દવે પાસેથી આપણને ચૌદ જેટલાં શિક્ષણ વિષયક પુસ્તકો પ્રાપ્ત થાય છે. તેમણે પોતે શિક્ષણક્ષેત્રે જે પ્રયોગો કર્યા અને જે પણ ચિંતન કર્યું તેને સાહિત્ય સ્વરૂપે તેમણે નોંધી લીધુ છે. આ પુસ્તકો આજે પણ ઉત્સાહી શિક્ષક માટે 'હેન્ડબુક' બની શકે તેમ છે.*

*એમાનું એક શિક્ષણ વિષયક પુસ્તક છે 'દીપદીક્ષા'. જે પુસ્તકમાં પોતાના દ્વારા શિક્ષણજગતમાં થયેલા અને અનુભવેલા શિક્ષણપ્રયોગો વિશેનું આલેખન છે. આ પુસ્તકના માધ્યમથી સાંપ્રત શિક્ષણજગતને પણ નવી દિશા મળી શકે તેમ છે. હાલના સમયમાં પણ એક સફળ શિક્ષણમાળખું રચવા*

*કેવા- કેવા પ્રયોગો કરવા જોઇએ? તેમજ ક્યા પ્રકારના કાર્યોથી શિક્ષણજગતના વિદ્યાર્થીઓને સંપૂર્ણ વિદ્યાર્થીઓ બનાવી શકાય છે? આવા પ્રશ્નોના ઉત્તર જાણવાનો ઉદ્દેશ્ય સાથે રાખીને તથા કેળવણીકાર રમેશભાઈ દવેના નિજ અનુભવના નિચોડના સથવારે રહીને પણ શિક્ષણક્ષેત્રે આમૂલ પરિવર્તનો આણી શિક્ષણનું ચોક્કસ માળખું રચી શકાય તેમ છે.*

*પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર શિક્ષણનું તત્વજ્ઞાન હતું. અભ્યાસનો પ્રકાર વ્યાવહારિક અને ગુણાત્મક પ્રકારનું હતું. પ્રયોજકે વર્ણનાત્મક સંશોધન પધ્ધતિ અંતર્ગત વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિ પસંદ કરી હતી. નિદર્શ તરીકે કચ્છ જિલ્લાના કેળવણીકાર રમેશભાઈ દવેનું કેળવણી વિષયક પુસ્તક 'દીપદીક્ષા'ની જેમાં સહેતુક નમૂના પસંદગી પ્રવિધિથી પસંદગી કરી હતી. ઉપકરણ તરીકે સ્વરચિત નોંધપત્રકોનો ઉપયોગ કર્યો હતો. કચ્છ જિલ્લાના કેળવણીકાર શ્રી રમેશભાઈદવેની  રૂબરૂ તેમજ ટેલિફોનિક મુલાકાત લઈને તેમની મદદથી શિક્ષણ વિષયક વિચારજૂથોનું વિભાજન કરીને અભ્યાસના વિષયવસ્તુમાંથી શિક્ષણ વિષયક ચિંતન તારવવામાં આવ્યું હતું.*

*શિક્ષણચિંતન અંગે સાહિત્યમાંથી પ્રાપ્ય વિદ્યાર્થી ઘડતર માટેના શિક્ષણવિચારો અંતર્ગત વિદ્યાર્થી વિષયક,  શાળા વિષયક, શિક્ષણમાં શૈક્ષણિક પ્રવૃતિઓ અને શૈક્ષણિક પ્રૌદ્યોગિકી વિષયક વિચારો જાણવા મળ્યા હતા. વિદ્યાર્થીકાળમાં અનુશાસનનું મહત્વ, શાળાની પ્રાર્થનાસભાની વિશિષ્ટતાઓ, શાળા પ્રાર્થનાસભાનું મહત્વ, શાળા આયોજનનું માળખું, શાળામાં સર્જાતી સમસ્યાઓ અને ઉપાયો , શૈક્ષણિક પ્રવૃતિઓ દ્વારા વિકસતા સર્વાંગી મૂલ્યો અને શૈક્ષણિક પ્રૌદ્યોગિકીના સાધનોની ઉપયોગિતા વિષયક વિચારો પ્રાપ્ત થયા હતા. જે સૂચવે છે કે કચ્છ જિલ્લાના કેળવણીકાર રમેશભાઈ દવેના કેળવણી વિષયક સાહિત્યમાંથી ખૂબ જ અમલ કરવા યોગ્ય અને અસરકારક શિક્ષણ વિષયક શિક્ષણચિંતન દ્વારા સાંપ્રત શિક્ષણ પ્રક્રિયાનું માળખું ઘડવા સક્ષમ છે. સૌ શિક્ષણપ્રેમીઓએ સાંપ્રત શિક્ષણને દિશા નિર્દેશના સંદર્ભમાં શિક્ષણની ચિંતા અને ચિંતન અનુરૂપ સંશોધનો પણ હાથ ધરવા જોઈએ.*

**ચાવીરૂપ શબ્દો : કોરોના મહામારી, 'દીપદીક્ષા', માનવ ઘડતર, મૂલ્યાંકન**

**પ્રસ્તાવના :**

હાલના આ કોરોના મહામારીના સમયમાં જ્યારે વિદ્યાર્થીઓ માટે શાળાએ આવવું એ પણ એક પડકારજનક બાબત બની ગઈ હોવાથી શિક્ષણ પ્રક્રિયા દ્વારા માનવ ઘડતર માટેના પ્રયાસો અવશ્ય ચાલુ રહેવા જોઇએ. પછી તે ઓનલાઈન શિક્ષણ હોય કે પછી સમયાંતરે શાળામાં જે-તે સમયે અપાતું શિક્ષણ હોય. શિક્ષણ દ્વારા મૂળ તો આત્માનું શિક્ષણ કરવાનું છે.

ઠાકર (૨૦૦૫) જણાવે છે કે - " વિશ્વમાં સૌથી અગત્યની છતાં પડકારરૂપ પ્રક્રિયા કોઇ હોય તો તે છે મનુષ્યમાં મનુષ્યત્વનું નિરૂપણ કરવાની. ભણતર એટલે જ્ઞાનો વિસ્તાર, હૃદયનો વિસ્તાર, મનનો વિસ્તાર, ભાવનાનો વિસ્તાર, સંકુચિતતા અને સ્વાર્થપંકમાંથી મુક્ત થવાની આરધના. ભણતર અટલે વેરમુક્તિ, સદ્ભાવ અને પવિત્રતાની સરવાણી, આત્માસાત્ અને સત્ય માટે ઝઝૂમવાની નિર્ભયતા."

ત્રિવેદી (૨૦૦૧) જણાવેછે કે – " શુધ્ધ અને નિર્મળ માણસાઈથી ભરેલું મનુષ્યજીવન એ ખરી કેળવણીના પરિણામની કસોટી છે. આજે જો આપણને માણસાઈનો અભાવ દેખાતો હોય તો સમજવું કે એ ખોટી કેલવણીનું પરિણામ છે."

આખરે તો સાચું શિક્ષણ એ જ છે કે જેના દ્વારા વિદ્યાર્થી કટોકટીના સમયમાં પણ અડીખમ ઊભો રહી શકે. શિક્ષણની પ્રક્રિયા જ્યાં થાય છે, વિદ્યાર્થી જ્યાં કેળવાય છે એ શાળા અને મહાશાળાનું વાતાવરણ પણ અત્યંત અસરકારક બની રહે છે. શૈક્ષણિક વાતાવરણે વિદ્યાર્થી અને શિક્ષકને પૂરતી મોકળાશ બક્ષવાની છે. માટે કોઇપણ સ્વસ્થ સમાજને ઘડવાનું કાર્ય હમેશાં શિક્ષણના પાયા પર રચાતું હોય છે ત્યારે વર્તમાન શિક્ષણ વ્યવસ્થાને વધુને વધુ સફળ બનાવવા માટે જો શિક્ષણવિદોના અનુભવો

તેમજ તેમણે કરેલા પ્રયોગોનો આશરો લઈને જો શિક્ષણનું માળખું ઘડવામાં આવે તો આજની શિક્ષણ વ્યવસ્થામાં પ્રગતિની નવી કેડી કંડારી શકાય તેમ છે. સાક્ષરતા એ જીવનના વ્યવહારનું ચાલકબળ હોવાથી કેળવણીના રસ્તે સફળતાપૂર્વક ચાલી ચૂકેલાઓને જો આપણે શિક્ષણના પથપ્રદર્શક માનીને કેળવણી પથ પર ચાલીશું તો અચૂક પ્રગતિલક્ષી પરિણામો પ્રાપ્ત થઈ શકે તેમ છે.

પટેલ (૨૦૦૯) જણાવે છે કે – " આજની શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓનું મગજ ખીલે છે અને હૃદય કરમાય છે "

શું હાલની શિક્ષણ વ્યવસ્થા નિર્ભિક માનવ ઘડતર કરીને વિદ્યાર્થીને સાચુકલો માનવ બનાવવા સક્ષમ છે? શું આજની શિક્ષણ વ્યવસ્થા વિદ્યાર્થીઓનું ઘડતર અને ચણતર કરીને તેને સંપૂર્ણ માનવ બનવા સક્ષમ છે? આજના સમયમાં શિક્ષણનું સમગ્ર માળખું કેવું હોવું જોઈએ? આવા પ્રશ્નોના ઉત્તર માટે ઊંડાણપૂર્વકના મનોમંથનની તાતી જરૂર છે, તો જો આ મનન અને ચિંતન શિક્ષણક્ષેત્રને વરી ચૂકેલા શિક્ષણવિદોના અનુભવો અને તેમના શિક્ષણ વિષયક સાહિત્યના સહારે કરવામાં આવે તો શિક્ષણજગતને અનોખી પ્રગતિલક્ષી દિશા મળી શકે છે.

**સંશોધનના હેતુઓ** :

૧. કોરોના મહામારીના સંદર્ભમાં ‘દીપદીક્ષા’નું માનવ ઘડતરના સંદર્ભમાં મૂલ્યાંકન કરવું.

૨. કોરોના મહામારીના સંદર્ભમાં ‘દીપદીક્ષા’માં નિહિત શિક્ષણ માળખાનો વિદ્યાર્થી ઘડતરના સંદર્ભમાં અભ્યાસ કરવો.

૩. માનવ ઘડતરના સંદર્ભમાં ‘દીપદીક્ષા’ પુસ્તકમાં નિહિત શિક્ષણ ચિંતનનો અભ્યાસ કરવો.

૪. કોરોના મહામારીના સંદર્ભમાં ‘દીપદીક્ષા’ પુસ્તકમાંથી નિષ્પન્ન થતા વિદ્યાર્થી, શાળા, શૈક્ષણિક પ્રવૃતિ અને શૈક્ષણિક ટેકનોલોજી વિષયક ઘટકો તારવવા.

**સંશોધનના પ્રશ્નો :**

૧. કોરોના મહામારીના સંદર્ભમાં ‘દીપદીક્ષા’ પુસ્તકમાંથી માનવ ઘડતરના કેવા મુદ્દઓ પ્રાપ્ત થાય છે?

૨. કોરોના મહામારીના સંદર્ભમાં ‘દીપદીક્ષા’ પુસ્તકમાંથી માનવ ઘડતર માટે કેવું શૈક્ષણિક માળખું મળી રહે છે?

૩. ‘દીપદીક્ષા’ પુસ્તકમાં વિદ્યાર્થી ઘડતર માટે કેવું શૈક્ષણિક ચિંતન થયેલું છે?

૪. ‘દીપદીક્ષા’ પુસ્તકમાં વિદ્યાર્થી, શાળા, શૈક્ષણિક પ્રવૃતિ તેમજ શૈક્ષણિક ટેકનોલોજી વિષયક ક્યા-ક્યા ઘટકો પ્રાપ્ત થાય છે?

**સંશોધનનું સીમાંકન :**

૧. પ્રસ્તુત સંશોધનમાં કચ્છ જિલ્લાના કેળવણીકાર શ્રી રમેશભાઈ દવેના જ પુસ્તકનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

૨. પ્રસ્તુત સંશોધનમાં માત્ર કેળવણી વિશેનું પુસ્તક જ ધ્યાનમાં લેવામાં આવ્યું છે.

૩. પ્રસ્તુત સંશોધનમાં કચ્છ જિલ્લાના કેળવણીકાર શ્રી રમેશભાઈ દવેના ‘દીપદીક્ષા’ પુસ્તકનો જ સમાવેશ કરવામાં આવ્યો છે.

૪. પ્રસ્તુત સંશોધનમાં કચ્છ જિલ્લાના કેળવણીકારના ગુજરાતી ભાષાના જ પુસ્તકનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**સંશોધન યોજના :**

**૧) સંશોધન ક્ષેત્ર :**

પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર શિક્ષણનું તત્વજ્ઞાન છે. જેમાં શિક્ષણની સમસ્યાઓને તત્વજ્ઞાનના સિધ્ધાંતોના આશ્રયથી ઉકેલવામાં આવે છે.પ્રસ્તુત સંશોધનમાં 'દીપદીક્ષા' પુસ્તકમાંથી માનવ ઘડતર માટેના શિક્ષણ વિષયક વિચારો જાણવાના હોવાથી આ સંશોધનનું ક્ષેત્ર શિક્ષણનું તત્વજ્ઞાન છે.

**૨) સંશોધનનો પ્રકાર :**

પ્રસ્તુત સંશોધનમાં કેળવણી વિષયક પુસ્તકમાંથી માનવ ઘડતર વિશેનું શિક્ષણચિંતન જાણવાનું હોવાથી આ સંશોધન વ્યાવહારિક અને ગુણાત્મક પ્રકારનું છે.

**3) વ્યાપવિશ્વ :**

પ્રસ્તુત અભ્યાસમાં કચ્છ જિલ્લાના કેળવણીકાર શ્રી રમેશભાઈ દવેએ લખેલા કેળવણી વિષયક પુસ્તકો અને સાહિત્ય એ આ સંશોધનનું વ્યાપવિશ્વ બને છે.

**૪) નમૂના પસંદગી :**

પ્રસ્તુત સંશોધનમાં વિચારજૂથોનું પ્રતિનિધિત્વ ક્યું પુસ્તક દર્શાવી શકશે તે હેતુથી એટલે કે 'સહેતુક નમૂના પસંદગી પ્રવિધિ'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

| કેળવણી વિષયક સાહિત્ય | સાહિત્ય સર્જકો |
|---|---|
| દીપદીક્ષા | શ્રી રમેશભાઈ દવે |

નમૂના તરીકે લેવામાં આવેલ પુસ્તક કેળવણી વિષયક હતું.

**૫) સંશોધન પધ્ધતિ :**

અભ્યાસકર્તાએ નીચેની પધ્ધતિઓને આધાર તરીકે લઈ અભ્યાસકાર્ય પાર પાડ્યું હતું.

૧. વર્ણનાત્મક પધ્ધતિ :

૨. વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિ :

વર્ણનાત્મક સંશોધન પધ્ધતિમાં જ વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિનો સમાવેશ કરવામાં આવે છે. વર્તમાન સમયમાં અસ્તિત્વમાં હોય તેવા બનાવો માટે, વર્ણન અને અર્થઘટન માટેની સંશોધન પધ્ધતિઓ આ વિભાગમાં આવે છે.

**૬) ઉપકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં વિષયવસ્તુમાંથી માહિતી એકત્ર કરવા માટે વિવિધ સ્વરચિત નોંધપત્રકો બનાવીને તેમાં વિચારજૂથો દર્શાવ્યા હતા. દરેક વિચારજૂથમાં પેટા વિચારજૂથો અને તેને અનુરૂપ વિચારએકમો દર્શાવ્યા હતા.વિચારજૂથોના વ્યવસ્થિત વિભાજન માટે કચ્છ જીલ્લાના કેળવણીકાર શ્રી રમેશભાઈ દવેની  ટેલિફોનિક મુલાકાત પણ લેવામાં આવી હતી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**૭) માહિતીનું એકત્રીકરણ :**

નોંધપત્રકોમાં વિચારજૂથના અને વિચારએકમોના વિભાજન માટે કચ્છના કેળવણીકાર શ્રી રમેશભાઈ દવેની ટેલિફોનિક મુલાકાત લેવામાં આવી હતી.

**૮) પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન :**

સારણી – ૧ વિચાર જૂથોની માહિતી

| ક્રમ | વિચાર જૂથો | દીપદીક્ષા |
|---|---|---|
| ૧ | વિદ્યાર્થી વિષયક તારવેલા ઘટકો | ✓ |
| ૨ | શાળા વિષયક તારવેલા ઘટકો | ✓ |
| 3 | શૈક્ષણિક પ્રવૃતિઓ વિષયક તારવેલા ઘટકો | ✓ |
| ૪ | શૈક્ષણિક ટેક્નોલોજી વિષયક તારવેલા ઘટકો | ✓ |
| કુલ | ( ૪ ) | ૪ |

સારણી : ૨ **વિચારજૂથો અને વિચાર એકમોની માહિતી**

| ક્રમ | વિચારજૂથો (માનવ ઘડતરનાં સંદર્ભમાં) | ક્રમ | વિચાર એકમો (વિદ્યાર્થી ઘડતરના સંદર્ભમાં) | વિચાર એકમોની સંખ્યા | પુસ્તકનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | વિદ્યાર્થી વિષયક તારવેલા ઘટકો | ૧ | વિદ્યાર્થીકાળમાં અનુશાસનનું મહત્વ | ૧૦ | દીપદીક્ષા |
| ૨ | શાળા વિષયક તારવેલા ઘટકો | ૧ | શાળા પ્રાર્થનાસભાનું મહત્વ | ૨૫ | દીપદીક્ષા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ૨ | શાળા આયોજનનું માળખું | ૨૭ | |
| | | ૩ | શાળામાં સર્જાતી સમસ્યાઓ અને તેના ઉપાયો | ૧૭ | |
| ૩ | શૈક્ષણિક પ્રવૃતિઓ વિષયક તારવેલા ઘટકો | ૧ | શૈક્ષણિક પ્રવૃતિઓ દ્વારા વિકસતા સર્વાંગી મૂલ્યો | ૧૧ | દીપદીક્ષા |
| ૪ | શૈક્ષણિક ટેક- નોલોજી વિષયક તારવેલા ઘટકો | ૧ | શૈક્ષણિક પૌદ્યોગિકીના સાધનોની શૈક્ષણિક ઉપયોગીતા | ૪૯ | દીપદીક્ષા |

અહીં સારણી -૧ અને ૨  ના વિચારજૂથો તેમજ વિચાર એકમોનું ચાવીરૂપ શબ્દો પરથી અર્થઘટન નીચે મુજબ કરવામાં આવ્યું છે.  .

**૧. વિદ્યાર્થી વિષયક તારવેલા ઘટકો :**

**૧.૧ વિદ્યાર્થીકાળમાં અનુશાસનનું મહત્વ :**

'દીપદીક્ષા' પુસ્તકમાં માનવ ઘડતર માટે અનુશાસનને લગતા આ પ્રમાણેના વિચારો રજૂ થયા છે જેમાં અનુશાસનહીનતા નિવારણ, અભ્યાસ પર ઝોક, સદ્દગુણ વિકાસ માટે શિસ્ત અનિવાર્ય, શિસ્ત પ્રેરક બળ સમાન, શિસ્ત ચારિત્ર્ય ઘડતરનું મુખ્ય અંગ, વડીલોની સેવા, જીવનમાં શિસ્તની કેળવણી, સ્વયંશિસ્ત અને શિસ્તનો મહિમાને લગતા વિચારો રજૂ કરવામાં આવ્યા છે.

**૨. શાળા વિષયક તારવેલા ઘટકો:**

**૨.૧ શાળા પ્રાર્થનાસભાનું  મહત્વ :**

'દીપદીક્ષા' પુસ્તકમાં વિદ્યાર્થીના માનસ ઘડતર માટે રજૂ થયેલ શાળા પ્રાર્થનાસભાનું મહત્વ આ પ્રમાણે છે જે મુજબ પ્રાર્થના દ્વારા મૂલ્યશિક્ષણ, સમૂહજીવનની તાલીમ, ભાવાત્મક ઐક્ય, આત્મીયતા,

રાષ્ટ્રભાવના, વિશ્વશાંતિ, ધીરજ, પ્રેરણા વગેરે જેવા સદ્ગુણોનું ઘડતર તેમજ વિકાસ થાય છે. પ્રાર્થનાસભાની વિવિધ પ્રવૃતિઓથી વિશેષ જ્ઞાન, સર્જનાત્મક વિકાસ થાય છે. તેમજ શિસ્તબધ્ધતા, સાધનોનો યોગ્ય ઉપયોગ, અભિવ્યક્તિ, અભિનયક્ષમતાની તાલીમ મળે છે. પ્રાર્થનાસભા કરવાથી રાષ્ટ્રીય મૂલ્યોનો વિધ્યાર્થીઓમાં સમજ પ્રાપ્ત થાય છે. નાગરિક સભાનતાનો વિકાસ તેમજ આકસ્મિક શિક્ષણ અને દરરોજના સમાચારોની માહિતી મળે છે. પ્રાર્થનાસભામાં આવતા મહેમાનોના પ્રવચનથી વિવિધ જ્ઞાન મળે, વ્યક્તિત્વનો વિકાસ થાય તેમજ પ્રાર્થનાસભામાં ઉત્સવોની ઉજવણીથી સાંસ્કૃતિક સમજ, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ, સમૂહભાવના, સમયપાલન તથા ચિત્તશુધ્ધિ થાય છે.

**૨.૨ શાળા આયોજનનું માળખું :**

'દીપદીક્ષા' પુસ્તકમાં વિદ્યાના મંદિરમાં ભાવિ માનવ ઘડતર કરવા શાળા આયોજનનું માળખું આ પ્રમાણે રજૂ થયું છે . શાળા આયોજન માટે સૌપ્રથમ શાળા – વાસરિકાનું આયોજન કરવું જોઇએ . શાળામાં વિવિધ સમયપત્રકો જેવા કે શાળાનું સામાન્યપત્રક, શિક્ષકવાર સમયપત્રક , વર્ગવાર સમયપત્રક , સહઅભ્યાસિક પ્રવૃતિઓનું સમયપત્રક, ગૃહકાર્યનું સમયપત્રક , રમતગમતનું સમયપત્રક, પ્રયોગશાળાનું અને પુસ્તકાલયનું સમયપત્રક હોય છે . આ ઉપરાંત શાળામાં મુક્ત શિક્ષકોનું સમયપત્રક, પ્રાર્થનાનું સમયપત્રક, સફાઈનું સમયપત્રક, પ્રવાસનું સમયપત્રક, વકતૃત્વ સ્પર્ધાનું સમયપત્રક, ચિત્રકલાનું સમયપત્રક, વેશભૂષા હરીફાઈનું સમયપત્રક, પરીક્ષાનું સમયપત્રક અને મુલાકાતનું સમયપત્રક હોય છે. આ સમયપત્રકો ઉપરાંત અભ્યાસક્રમ આયોજન, વિવિધ મંડળોની રચના, નમૂનાનાં પાઠોનું આયોજન, પ્રજેક્ટનું આયોજન, સંશોધન કરવા માટેનું આયોજન, પરીક્ષાઓનું આયોજન, લેખનકાર્યનું આયોજન અને ગૃહકાર્યનું આયોજન કરવામાં આવે છે.

**૨.૩ શાળામાં સર્જાતી સમસ્યાઓ અને તેના ઉપાયો** :

'દીપદીક્ષા' પુસ્તકમાં વિદ્યાર્થી ઘડતર સમયે સર્જાતી આ મુજબની સમસ્યાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે વિવિધ સમૂહ માધ્યમો, શારીરિક વિકાસ, માનસિક ઝંખના, અનુકરણવૃતિ, પ્રદર્શનવૃતિ, અસ્વાભાવિક વર્તન, અયોગ્ય પત્રો અને ફોન સંપર્કો, અશ્લીલ ભાષા, ચેનચાળા, માનસિક તાણ તેમજ અયોગ્ય વર્તનો જેવી સમસ્યાઓ સર્જે છે. શાળાના વિદ્યાર્થીઓમાં ક્યારેક બીભત્સ લખાણ , અયોગ્ય નિર્ણયો , એ વાલી માટે માનસિક તંગદિલી સર્જે છે .આ સમસ્યાનું નિવારણ સમજાવટ , વર્ગચર્ચા , વાંચન , કલા – નિદર્શન , ડાયરી લખવા પ્રોત્સાહન , પ્રોત્સાહક વાતાવરણ , જાતીય વિજ્ઞાનનાં પુસ્તકોની માહિતી, શ્રેષ્ઠ વક્તાઓના વક્તવ્યો અને યોગ્ય વાંચન તેમજ યોગ્ય લેખસંગ્રહ માટે પ્રેરણા આપીને લાવી શકાય છે.

**૩. શૈક્ષણિક પ્રવૃતિઓ વિષયક તારવેલા ઘટકો** :

'દીપદીક્ષા' પુસ્તકમાં શૈક્ષણિક પ્રવૃતિઓનો ઉલ્લેખ આ મુજબ થયેલો છે શાળાપંચાયતની પ્રવૃતિ દ્વારા વિદ્યાર્થીઓને ચૂંટણી પ્રચારની તાલીમ, ચૂંટણી પધ્ધતિની જાણકારી, નાગરિકતાની તાલીમ, સંચાલન શક્તિ વિકસે, મતની કિંમત સમજે, જવાબદારી, સમૂહભાવના અને સમસ્યા ઉકેલ શક્તિનો વિકાસ થાય છે. ચર્ચાસભાની પ્રવૃતિ દ્વારા વિચારોની અભિવ્યક્તિ, રજૂઆતની સ્પષ્ટતા, જિજ્ઞાસાવૃતિ, સભાક્ષોભનો નાશ, ભાષાવિકાસ, સુટેવઘડતર ભાષાશુધ્ધિ, વકતૃત્વશક્તિનો વિકાસ, હાવભાવ સાથે રજૂઆતની તાલીમ, આત્મશ્રધ્ધા અને આત્મપ્રદર્શનની તાલીમ મેળવે છે. સ્વશાસનદિનની પ્રવૃતિથી વિદ્યાર્થીઓમાં આયોજન, અમલ, વ્યવહારિક ઉપયોગનું જ્ઞાન, પ્રત્યક્ષ જ્ઞાન, નેતૃત્વની તાલીમ, જવાબદારીનું મૂલ્ય, સ્વતંત્રતા, વિષય પ્રભુત્વ તેમજ સર્વાંગી પાસાઓનો વિકાસ થાય છે. શાળાસભાની પ્રવૃતિ દ્વારા શિક્ષકની વ્યવસાય ક્ષમતામાં વધારો તથા વકતૃત્વ શક્તિનો વિકાસ, મૂલ્યાંકન, મૌખિક

અભિવ્યક્તિની તક અને જીવનઘડતર થાય છે. શાળા પુસ્તકાલયની પ્રવૃતિ દ્વારા વાંચનટેવનો વિકાસ, વાંચનકૌશલ્યની તાલીમ અને નૂતન પ્રવાહોની જાણકારી મળે છે. નિદર્શન સેવાની પ્રવૃતિ દ્વારા માર્ગદર્શન, કારકીર્દિ ઘડતર, સમસ્યા ઉકેલ, વાલી જાગૃતિ અને ભાવિ માટેની તૈયારી થઈ શકે છે. સલાહસેવાની પ્રવૃતિ દ્વારા સમાયોજન ક્ષમતા અને વૈયક્તિક અભ્યાસ સેવાની પ્રવૃતિ દ્વારા સુષુપ્ત શક્તિ ખીલવણી તેમજ માહિતી સેવા પ્રવૃતિ દ્વારા સ્વરોજગાર અંગેની માહિતી વિદ્યાર્થીઓને મળે છે.

**૪. શૈક્ષણિક ટેકનોલોજી વિષયક તારવેલા ઘટકો :**

'દીપદીક્ષા' પુસ્તક મુજબ સમયાંતરે પ્રૌદ્યોગિકીના સાધનોની ઉપયોગિતા આ મુજબ વર્ણવવામાં આવી છે. જે મુજબ પ્રૌદ્યોગિકીના સાધનોના વિનિયોગથી અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં નાવિન્ય, અનુભવોની આપ-લેમાં સરળતા, વર્ગ-નિરીક્ષણમાં ઉપયોગી, શ્રાવ્ય અનુભવો આપવા, સૂચનાઓ આપવા, સમૂહશિક્ષણ આપવા, પુનરાવર્તન માટે, મૂલ્યશિક્ષણ આપવા, લેખન અને ગાન કૌશલ્ય વિકસાવવા  વગેરે માટે ખૂબ જ ઉપયોગી છે. આ ઉપરાંત કાવ્યગાન, પાઠ શ્રવણ, આકસ્મિક શિક્ષણ, દ્રઢીકરણ, પુનરાવર્તન, શ્રવણ કૌશલ્યોનો વિકાસ, ચિરંજીવી અધ્યાપન , સ-રસ અધ્યાપન કરાવવા, સંગીત શિક્ષણ આપવા, વાંચન ક્ષમતા વધારવા, ભાષા શિક્ષણ આપવા , લેખક પરિચય કરાવવા, લોકસાહિત્યની જાણકારી આપવા, દ્રશ્ય-શ્રાવ્ય સાધનો ખૂબ જ ઉપયોગી બને છે. પ્રૌદ્યોગિકીના સાધનો લેખન વિભાગની તૈયારી માટે, સાંસ્કૃતિક કાર્યક્રમોની તૈયારી માટે, સ્વ-અધ્યયન માટે પૂરક સાહિત્ય તરીકે ઉપયોગી બને છે. તેમજ મૂલ્ય શિક્ષણ માટે, પૂરક સાહિત્ય તરીકે, વૈજ્ઞાનિક માહિતી, વર્ગમાં સક્રિયતા, જીવંતતા અને વૈવિધ્યતા લાવવા ખૂબ જ ઉપયોગી છે.

**તારણો :**

૧. વિદ્યાર્થીઓ વિદ્યાર્થીકાળ દરમિયાન સદ્દગુણ વિકાસ, અભ્યાસશીલ માનસ ઘડતર, ચારિત્ર્ય ઘડતર તેમજ સુટેવ ઘડતર માટે અનુશાસન કેળવે.

૨. શાળાની પ્રાર્થનાસભાઓમાં મૂલ્ય શિક્ષણની પ્રવૃતિ, સમૂહગાન, પ્રવચનમાળા, વિશ્વના મહાન લોકોના ઉદાહરણો તેમજ વિદ્યાર્થીઓની સૂષુપ્ત શક્તિઓને બહાર લાવવા મંચ પૂરું પાડવામાં આવે છે.

૩. શાળામાં મુખ્યત્વે વર્ગનું, શિક્ષકનું, ગૃહકાર્યનું, ઈત્તર પ્રવૃતિઓનું, વિવિધ સ્પર્ધાઓનું સમય પત્રક કાર્યને દિશાસૂચન કરે છે.

૪. શાળામાં સર્જાતી કેટલીક સમસ્યાઓ પ્રેરણા, વાંચન, સમજાવટ કે ચર્ચા દ્વારા યોગ્ય રીતે ઉકેલાઈ જાય છે.

૫. શિક્ષણમાં સમન્વયતા, તુલનાત્મકતા, નિદાન, ઉપચાર, જૂથચર્ચા, સ્વઅધ્યયન, શોધ અધ્યયન, ચિત્રાત્મકતા, અભિક્રમિત અધ્યયન, પ્રકલ્પ, સેમિનાર, વિજ્ઞાનમેળો વગેરે પધ્ધતિઓથી વર્ગમાં જીવંતતા અને સક્રિયતાનો સંચાર થાય છે.

૬. શૈક્ષણિક પ્રવૃતિઓના અમલથી વિધ્યાર્થીઓમાં સંઘ ભાવના, વકતૃત્વ ક્ષમતા, ભાષા વિકાસ, વાંચન ટેવ વિકાસ, ગ્રંથાલય કૌશલ્ય વિકાસ, માર્ગદર્શન સેવા અને સ્વરોજગારીની તાલીમ મળે છે.

૭. શૈક્ષણિક પ્રૌધોગિકી સાધનોના ઉપયોગથી દ્રઢિકરણ સ્વધ્યયન, પુનરાવર્તન, ભાષા શિક્ષણ, આકસ્મિક શિક્ષણ અને સમૂહ શિક્ષણમાં સરળતા રહે છે.

**શૈક્ષણિક ફલિતાર્થો :**

**૧. વિદ્યાર્થી વિષયક ઘટકો :**

- વિદ્યાર્થીઓએ ધૈર્ય, જ્ઞાનનો વિનિયોગ અને અનુશાસનપ્રિય બનવું જોઈએ.
- વિદ્યાર્થીઓએ અભ્યાસશીલ માનસ તેમજ શિસ્તને અપનાવવું જોઇએ.
- વિદ્યાર્થીઓએ ગુરુજનોનું માન જાળવવું તેમજ મા-બાપની સેવા કરવી જોઇએ.
- વિદ્યાર્થીઓએ સ્વયં અનુશાસનની ભાવના કેળવી લેવી જોઇએ.
- વિદ્યાર્થીકાળમાં તેઓના સમૂહજીવનને નિયંત્રિત કરવું જોઇએ.

**૨. શાળા વિષયક ઘટકો :**

- શાળાની પ્રાર્થનાસભામાં ગાન પ્રવૃતિ, ઈત્તરપ્રવૃતિ, વિવિધલક્ષી જ્ઞાન મળતું રહેવું જોઈએ.
- શાળાનું સુચારૂ માળખું ઘડવા જરૂરી સમય પત્રકોનું આયોજન ખૂબ જ અનિવાર્ય બાબત છે.
- શાળામાં સર્જાતી સમસ્યાઓ ખૂબ જ સાવધાનીથી શાળામાં જ નિવારવી જોઈએ.
- શાળા પ્રર્થનાસભામાં મૂલ્યશિક્ષણ તેમજ સમૂહજીવનની તાલીમ આપવી જોઇએ.
- પ્રાર્થના દ્વારા વિદ્યાર્થીઓનો સર્જનાત્મક વિકાસ, શિસ્તબધ્ધતા, સાધનોની ઉપયોગીતા, સભાક્ષોભનો નાશ, અભિવ્યક્તિની તક અને અભિનયક્ષમતાની ખીલવણી થવી જોઇએ.
- પ્રાર્થના દ્વારા વિદ્યાર્થીઓમાં ભાવાત્મક ઐક્ય, આત્મીયતા, સદ્ગુણો, રાષ્ટ્રભાવના, ધીરજ, પ્રેરણા, સમૂહભાવના,સમયપાલન તેમજ ચિત્તશુધ્ધિ જેવા ગુણો ખીલવા જોઇએ.

- શાળા વાસરિકાનું આયોજન તેમજ વિવિધ પ્રવૃતિઓના અને સ્પર્ધાઓના સમયપત્રકો હોવા જોઇએ.

- શાળામાં સર્જાતી સમસ્યાઓ નિવારવાના પ્રયત્નો કરવા જોઇએ તેમજ તેના ઉકેલાર્થે પ્રોત્સાહક વાતાવરણ સર્જવું જોઇએ.

**૩. શૈક્ષણિક પ્રવૃતિઓ વિષયક ઘટકો** :

- શાળામાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ સહઅભ્યાસિક પ્રવૃતિઓનું આયોજન થતું રહેવું જોઈએ તેમજશાળા પંચાયત ઊભી કરવી જોઇએ.

- વિદ્યાર્થીઓ પોતાના વિચારોની અભિવ્યક્તિ સ્પષ્ટતાથી કરે, સભાક્ષોભ દૂર કરે, ભાષા વિકાસ થાય, સુટેવોનું ઘડતર થાય, વક્તૃત્વ શક્તિ ખીલે, આત્મપ્રદર્શન કરતા શીખે એ હેતુથી ચર્ચાસભાની પ્રવૃતિ યોજવી જોઇએ.

- શાળાકક્ષાએ વર્ગ પુસ્તકાલય, વર્ગ પ્રયોગશાળા, શિક્ષકો માટેનું પુસ્તકાલય,શાળાસભા તેમજ શાળામાં નિદર્શન સેવાનું આયોજન કરવું જોઇએ.

**૪. શૈક્ષણિક ટેકનોલોજી વિષયક ઘટકો** :

- વિદ્યાર્થીઓને નૂતન પ્રવાહોથી વાકેફ કરવા, નવી દિશામાં વાળવા પ્રૌધોગિકીનાં સાધનોનો મહત્તમ ઉપયોગ થવો જોઈએ.

- અધ્યાપનમાં નાવિન્ય લાવવા માટે, શ્રાવ્ય અનુભવો પૂરા પાડવા તેમજ સમૂહ શિક્ષણ આપવા પ્રૌદ્યોગિકીના સાધનોનો ઉપયોગ થવો જોઇએ.

- વિદ્યાર્થીઓને મૂલ્યશિક્ષણની તાલીમ આપવા, સુયોગ્ય ભાષાશિક્ષણ આપવા, શ્રવણ કૌશલ્યો વિકસાવવા, પુનરાવર્તન કરાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ થવો જોઇએ.

- શિક્ષણને વિશેષ સ્મૃતિક્ષમ બનાવવા, વર્ગમાં જીવંતતા લાવવા, અધ્યાપનને મૂલ્યવાન, અસરકારક તેમજ વૈવિધ્યસભર બનાવવા માટે આ સાધનોનો ઉપયોગ થવો જોઇએ.

**સંદર્ભસૂચિ :**


- આચાર્ય, એમ. એ. (૨૦૦૯). **શિક્ષણમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર.** અમદાવાદ: અક્ષર પબ્લિકેશન.
- ઉચાટ, ડી. એ. (૨૦૦૯). **શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર.** રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
- ઠાકર, ડી. (૨૦૦૯). **શિક્ષણ : ચિંતા અને ચિંતન.** અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન.
- પટેલ., એમ. એમ.(૨૦૦૯). **કેળવણીનો કોયડો.** અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન.
- ધોળકિયા, એચ. (૨૦૧૦). **અલીયાબાડા(બી.એડ.)ના અનુભવો.** ભુજ-કચ્છ.
- પટેલ, આર. એસ. (૧૯૯૩ થી ૨૦૦૬). **એમ. એડ. લઘુ શોધનિબંધના સારાંશ.** અમદાવાદ:ગુજરાત યુનિવેર્સિટી
- શાહ, ડી. (૨૦૦૯). **શૈક્ષણિક સંશોધન.** સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.
- સ્વામી, આર. (૨૦૦૫). **અર્વાચીન ભારતના ઘડતરમાં શિક્ષકોની ભૂમિકા અને તેમની જવાબદારી.** રાજકોટ : શ્રી રામકૃષ્ણ આશ્રમ.
- સ્વામી, એન. (૨૦૦૬). **શિક્ષક તો છે જ્યોતિર્ધર.** રાજકોટ : શ્રી રામકૃષ્ણ આશ્રમ.
- ત્રિવેદી, એચ. (૨૦૦૧). **જીવનલક્ષી શિક્ષણ.** અમદાવાદ : સંસ્કાર સાહિત્ય મંદિર.